ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ



# ભરૂચ શહેરના કતોપોરમાં જર્જરિત ઈમારત ધરાશાયી

**ઇન્ટરનેટ** કેબલ, વીજ લાઇનો અને પાણીની પાઇપ લાઇનોને નુકસાન થયું



ભરૂચ: ભરૂચ શહેરના કતોપોર દરવાજા નજીક મુલ્લા ડોક્ટરનાં પગથિયાં આવેલી અમદાવાદના ટ્રસ્ટની જર્જરિત ઈમારત ગુરુવારે ધડાકાભેર ધરાશાયી થઈ હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાનુસાર ઈમારત પડતી વખતે જોરદાર ધડાકો થયો હતો, જેણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જ્યો હતો. મિલકત છેલ્લાં બે-ત્રણ વર્ષથી ખાલી હતી, પરંતુ તેમાં સામાન સંગ્રહિત કરવામાં આવ્યો હતો. ઈમારત અત્યંત જર્જરિત બની ગઈ હતી અને અગાઉ પણ અહીં ઝાડ પડવાની ઘટના બની હતી. નગરપાલિકા દ્વારા ટ્રસ્ટને ઈમારત ઉતારવા નોટિસ આપવામાં આવી હતી, ત્યારબાદ ટ્રસ્ટે કામગીરી શરૂ કરી હતી. જો કે, સ્થાનિક રહેવાસીઓએ આક્ષેપ કર્યો છે કે કામગીરી દરમિયાન પૂરતી સુરક્ષા વ્યવસ્થા અને તકેદારી રાખવામાં ન આવી. અનેક વખત રજૂઆતો કરવા છતાં જરૂરી સેફ્ટી પગલાં લેવામાં ન આવતાં આખી ઈમારત ધરાશાયી થઈ હતી.

ધરાશાયી થયેલી ઈમારતના કાટમાળને કારણે વિસ્તારમાં ઈન્ટરનેટ કેબલ, GEBની વીજ લાઈનો અને પાણીની પાઈપલાઈનોને ભારે નુકસાન પહોંચ્યું છે, જેથી આસપાસની આવશ્યક સેવાઓ ખોરવાઈ ગઈ છે.

ઘટનાની જાણ થતાં સ્થાનિક પ્રશાસન, નગરપાલિકા અને સંબંધિત વિભાગોના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. સ્થાનિકોએ બેદરકારી માટે જવાબદાર તત્ત્વો સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. સાથે જ શહેરની અન્ય જર્જરિત ઈમારતોની તાત્કાલિક તપાસ કરી જરૂરી પગલાં ભરવાની પણ માંગ કરવામાં આવી રહી છે.

## દહેજની રસાયણ કંપનીના કર્મચારી પર જીવલેણ હુમલો

**હોકી** અને લાકડીઓ લઈ આવેલા શખ્સો સામે ગુનો દાખલ

ભરૂચ: દહેજ સ્થિત યશ્વી રસાયણ પ્રા. લિ. કંપનીમાં સિનિયર એક્ઝિક્યુટિવ તરીકે ફરજ બજાવતા કર્મચારી પર ચાર શખ્સોએ પૂર્વ આયોજિત રીતે હોકી અને લાકડીઓ વડે નિર્દય હુમલો કર્યો હતો. આ ઘટનાથી ઔદ્યોગિક વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે.

ભરૂચના નારાયણનગરમાં રહેતા સનોજકુમાર ગૌતમ ગત 20 જૂનની મધરાતે નોકરી પરથી ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે શહેરની ભારતી રો-હાઉસ પાસે અજાણ્યા શખ્સે પાછળથી તેમની બેગ ખેંચી હેરાન કરવાનો પ્રયાસ કર્યો. સનોજકુમારે વિરોધ કરતાં જ મોઢા પર રૂમાલ બાંધેલા અન્ય ત્રણ શખ્સો ત્યાં પહોંચી ગયા હતા. હુમલાખોરોએ સાથી કર્મચારીઓને ધમકાવી દૂર કરી દીધા અને સનોજકુમાર પર તૂટી પડ્યા હતા. તેમણે હોકી લાકડી વડે સનોજકુમારના માથા, ખભા અને શરીરના અન્ય ભાગો પર ગંભીર ઈજા પહોંચાડી હતી. ઘટના દરમિયાન સનોજકુમારે એક હુમલાખોરનો રૂમાલ ખેંચી લેતાં તે કંપનીમાં કામ કરતો કિશન પટેલ હોવાનું સામે આવ્યું હતું. આરોપીએ કંપનીનો લીડર બને છે? કહી ધમકી આપતાં હુમલો વધુ ઉગ્ર બન્યો હતો. ઘટના સ્થળે પડેલી બૂમાબૂમ સાંભળી સાથીદારો દોડી આવ્યા હતા અને લોહીલુહાણ સનોજકુમારને ભરૂચની ડિવાઈન હોસ્પિટલમાં ખસેડ્યા હતા. બે દિવસની સારવાર બાદ તેમને રજા આપવામાં આવી હતી. કંપનીના એચઆર વિભાગ સાથે ચર્ચા બાદ સનોજકુમારે પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીઓ સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

## ભરૂચમાં પ્રોપર્ટી ભાવમાં 8થી 10 ટકાનો વધારો

**બાંધકામ** સામગ્રી અને મજૂરીના ભાવને કારણે વધારો થયો

ભરૂચ: ભરૂચ જિલ્લામાં મકાન અને દુકાન ખરીદનારાઓ માટે આગામી 10મી જુલાઈથી મોંઘવારીનો એક નવો તડકો ફૂટશે. બિલ્ડર એસોસિએશન 'ક્રેડાઈ ભરૂચ'એ સર્વાનુમતે રહેણાક અને કોમર્શિયલ પ્રોપર્ટીના ભાવમાં 8થી 10 ટકાનો વધારો કરવાનો ઠરાવ પસાર કર્યો છે. આ નિર્ણય જિલ્લાની એક ખાનગી હોટલમાં યોજાયેલી સામાન્ય સભામાં લેવાયો, જે બાંધકામ ક્ષેત્ર માટે વધતા ખર્ચની ફરજિયાત પરિણતિ ગણાવાઈ રહી છે. ક્રેડાઈ ભરૂચના પદાધિકારીઓએ જણાવ્યું કે, સિમેન્ટ, સ્ટીલ જેવી મુખ્ય સામગ્રીના ભાવમાં થયેલો નોંધપાત્ર ઉછાળો, મજૂરી ખર્ચમાં આવેલી વૃદ્ધિ અને અન્ય ડેવલપમેન્ટ ચાર્જિસે આ વધારો અનિવાર્ય બનાવ્યો છે. એસોસિએશને સ્પષ્ટતા કરી કે, બાંધકામ ગુણવત્તા જાળવવા અને પ્રોજેક્ટ્સ ડૂબી ન જાય તે માટે આ કદમ ઉઠાવવું પડ્યું છે. આ ભાવવધારાનો સીધો ફટકો મધ્યમવર્ગીય પરિવારો અને નાના વેપારીઓને લાગવાની શક્યતા છે. ઉદાહરણ તરીકે, જો કોઈ ફ્લેટ 50 લાખ રૂપિયાનો છે, ભાવમાં વધારો થતાં ખરીદદારે 4થી 5 લાખ રૂપિયા વધારે ચૂકવવા પડશે. હાલમાં ફ્લેટ, મકાન કે શોપ બુક કરાવવાનું વિચારી રહેલા લોકો માટે આ મોટો આર્થિક બોજો બની શકે છે. રિયલ એસ્ટેટ નિષ્ણાતોના મતે, આ નિર્ણયથી આગામી સમયમાં પ્રોપર્ટી બુકિંગની રફતાર ધીમી પડી શકે છે. જો કે, ક્રેડાઈ ભરૂચે ભાર મૂક્યો કે, વધતાં બાંધકામ ખર્ચને ધ્યાનમાં લેતા આ સમાયોજન આવશ્યક છે.

## અંકલેશ્વરમાં જુગાર રમતા 5 ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર પોલીસે તાડ ફળિયા વિસ્તારમાં જાહેરમાં ચાલતા જુગાર પર દરોડો પાડી પાંચ શખ્સોની ધરપકડ કરી છે. ભરૂચ પોલીસ કંટ્રોલ રૂમને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' (ટ્વિટર) પર એક જાગૃત નાગરિક દ્વારા આ જુગારધામ અંગેની માહિતી આપવામાં આવી હતી. આ બાતમીના આધારે પોલીસે તાડ ફળિયા સ્થિત ગામ તળાવની દીવાલ નજીક ખુલ્લી જગ્યામાં રેડ કરી હતી. પોલીસે સ્થળ પરથી સ્ટ્રીટ લાઈટના અજવાળામાં જુગાર રમતા મોહસીન મલેક, અનુરાજ જોગી, યુસુફખાન પઠાણ, વિજય વસાવા અને સલીમ સૈયદને ઝડપી લીધા હતા. પોલીસે ઘટના સ્થળેથી રોકડા રૂ.4,570 અને દાવ પરના રૂ.750 મળી કુલ રૂ.5,320નો મુદ્દામાલ તથા જુગારનાં સાધનો જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.



## ડેડિયાપાડાના દાબકા ગામમાં વીજળી પડતાં ભેંસનું મોત

**તારવ** નદીમાં ઘોડાપૂરથી મહારાષ્ટ્ર જતો માર્ગ બંધ

સાગબારા: આખા ગુજરાતમાં સૌથી વધુ વરસાદ નર્મદા જિલ્લાના સાગબારામાં નોંધાયો છે. અહીં બે દિવસમાં 3.35 ઈંચ વરસાદ ખાબકતાં ધરતીપુત્રો સહિત આમ જનતાને મોડેથી રાહત મળી છે. નર્મદા જિલ્લાના સાગબારા, સેલંબા અને ડેડિયાપાડા પંથકમાં અગાઉના વરસાદથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. તાજા વરસાદ બાદ ડેડિયાપાડા અને સાગબારા વિસ્તારની સ્થાનિક નદીઓ ઓવરફ્લો થઈ છે. ડેડિયાપાડાના ડુમખલ નજીક તારવ નદીમાં ઘોડાપૂર આવતાં ડુમખલથી મહારાષ્ટ્ર જતા મુખ્ય રસ્તા પર પાણી ફરી વળ્યું છે, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો છે. ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે. બીજી તરફ ડેડિયાપાડાના દાબકા ગામમાં વીજળી પડતાં એક ભેંસનું મોત થયું છે. જ્યારે ભરૂચ જિલ્લામાં આજે પણ વરસાદનું એક ટીપું નથી પડ્યું. ખેડૂતોમાં ભારે નિરાશા છે,. ભરૂચવાસીઓ 2-3 દિવસ આતુર નજરે મેઘરાજાની રાહ જોઈ રહ્યા છે.

## ઝઘડિયા GIDC દુર્ઘટના પ્રકરણમાં ચૈતર વસાવાને પોલીસની નોટિસ

**ધારાસભ્ય** ચૈતર વસાવા સહિત 4 નેતાને તા.29 જૂને હાજર થવા ફરમાન



ભરૂચ: ઝઘડિયા GIDC વિસ્તારમાં Metropolitan Eximchem Pvt. Ltd. કંપનીમાં લાગેલી આગની ઘટના બાદ સ્થળ પર ઊભેલા તણાવપૂર્ણ વાતાવરણમાં સર્જાયેલા વિવાદમાં આપના ધારાસભ્ય ચૈતર વસાવા સહિત પાર્ટીના ચાર નેતાઓને પોલીસે નોટિસ પાઠવી છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) 2023ની કલમ 35(3) હેઠળ આપવામાં આવેલી આ નોટિસમાં આગામી 29 જૂને ઝઘડિયા GIDC પોલીસ સ્ટેશન સમક્ષ હાજર થવા અને તપાસમાં સહકાર આપવા જણાવાયું છે.

આ કેસ વનકર્મી પર હુમલાના મામલામાં ચૈતર વસાવાને સાત વર્ષની સજા થયા બાદનો પ્રથમ મોટો કાનૂની સામનો છે. પોલીસે તપાસ દરમિયાન ઘટના સ્થળનાં વિડીયો ફૂટેજ, ઈજાગ્રસ્તોનાં નિવેદનો અને અન્ય પુરાવાના આધારે આ નોટિસો પાઠવી છે. કંપનીમાં ભીષણ આગ લાગ્યા બાદ સ્થાનિક આગેવાનો અને રાજકીય પ્રતિનિધિઓ પીડિત પરિવારોને મળવા સ્થળ પર પહોંચ્યા હતા. દરમિયાન કેટલાક લોકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ અને એક વ્યક્તિને તમાચો મારવામાં આવ્યો હોવાનો આરોપ સામે આવ્યો હતો. ફરિયાદ બાદ પોલીસે ત્રણ અલગ-અલગ FIR દાખલ કરી તપાસ શરૂ કરી છે.

જિલ્લા AAP પ્રમુખ પીયુષ પટેલે કહ્યું, અમારા કાર્યકરો સામે ખોટી ફરિયાદો દાખલ કરવામાં આવી રહી છે. ચૈતરભાઈ અને તેમનાં પત્ની સહિત નવ જણાને સાત વર્ષની સજા થતાં ગુજરાતના લોકોની લાગણી દુભાઈ છે. બે મહિના પહેલા ઝઘડિયા GIDCમાં આવેલ એક કંપનીની અંદર દુર્ઘટના બનતા પીડિત પરિવારોના હિતમાં ગયા ત્યારે પોલીસે અલગ-અલગ ત્રણ FIR નોંધી હતી. મારી સાથે રજનીકાંતભાઈ અને સજ્જનભાઈનાં નામ FIRમાં એડ કરવામાં આવ્યાં હતાં. હવે 29 જૂને અમે પોલીસ સમક્ષ જવાબ આપીશું. જો ન્યાય ન મળે તો કોર્ટનાં દ્વાર ખખડાવીશું એમ જણાવ્યું હતું.

## કાચના દરવાજે સ્ટોપર ન મારતાં ચોરો બિનધાસ્ત કેબલ ચોરી ગયા

**વડોલીમાં** સહજાનંદ સોલાર કંપનીમાંથી રૂ.1.53 લાખના કેબલની ચોરી, CCTVમાં ચોરો કેદ




કીમ: ઓલપાડના વડોલીની સહજાનંદ સોલાર કંપનીમાં અજાણ્યા તસ્કરો 1.53 લાખથી વધુ કિંમતના કેબલની ચોરી કરી ફરાર થઈ જતાં કીમ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. સમગ્ર ઘટનાનાં CCTV ફૂટેજ પણ સામે આવ્યાં છે, જેમાં ચોરો કંપનીમાં પ્રવેશી ચોરી કરતા સ્પષ્ટપણે નજરે પડી રહ્યા છે.

વરાછામાં રહેતા યશ રાજેશભાઈ જાડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તા.15 જૂનના રોજ વહેલી સવારે 2થી 3:30 વાગ્યાની વચ્ચે વડોલીમાં આવેલા બ્લોક નં.645 ખાતે સ્થિત સહજાનંદ સોલાર કંપનીને નિશાન બનાવવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કંપનીના કાચના દરવાજાને લોક મારવામાં આવ્યું હતું, પરંતુ સ્ટોપર ન લગાવાતાં દરવાજો ખુલ્લો રહી ગયો હતો. આ તકનો લાભ લઈ ત્રણથી ચાર ચોર કંપનીમાં ઘૂસ્યા હતા અને અંદર રાખેલા કીમતી કેબલ વાયરોની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરી થયેલા મુદ્દામાલમાં ચાઈનીઝ મશીનરીના CCLINK કેબલ, 68 પિન કમ્યુનિકેશન કેબલ, ટેસ્ટિંગ કેબલ તેમજ ફ્લેક્સિબલ કેબલ સહિત કુલ રૂ.1,53,670ના માલ-સામાનનો સમાવેશ થાય છે. ઘટનાનાં CCTV ફૂટેજ સામે આવતાં પોલીસે ફૂટેજના આધારે ચોરોની ઓળખ મેળવવા માટે તપાસ તેજ કરી છે. ફૂટેજમાં ચોરોની હિલચાલ અને ચોરીની સમગ્ર ઘટના કેદ થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે કીમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

## માહિતી આયોગની ફટકાર બાદ સોનગઢ પાલિકા જાગી!

**વોર્ડ** નં.6નાં મહિલા કોર્પોરેટરને હક મેળવવા ગાંધીનગર સુધી લાંબા થવું પડ્યું



સોનગઢ: સોનગઢ નગરપાલિકાના વહીવટમાં પારદર્શિતાના અભાવ અને માહિતી આપવામાં થતા વિલંબ અંગે વોર્ડ નં.6ના વિરોધ પક્ષના કોર્પોરેટર બાનુબેન પઠાણ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. લાંબા સમયથી વિકાસનાં કામોની માહિતી માંગવા છતાં પાલિકા તંત્ર દ્વારા યોગ્ય પ્રતિસાદ ન મળતાં આખરે મામલો રાજ્ય માહિતી આયોગ સુધી પહોંચ્યો હતો.

વોર્ડ નં.6નાં કોર્પોરેટર બાનુબેન પઠાણે વિકાસનાં કામોની વિગતો જાણવા માટે અરજી કરી હતી, પરંતુ પાલિકા તંત્ર દ્વારા માહિતી આપવામાં સતત વિલંબ કરવામાં આવતો હતો. આ પરિસ્થિતિમાં તેમણે પ્રાદેશિક કમિશનર, સુરત ખાતે પ્રથમ અપીલ કરી હતી, જેમાં દર્શાવેલા દસ્તાવેજ મુજબ પ્રાદેશિક કમિશનરની કચેરી દ્વારા આ બાબતે સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને સોનગઢ નગરપાલિકાને માહિતી આપવા માટે આદેશ કરવામાં આવ્યો હતો. તેમ છતાં માહિતી પૂરી પાડવામાં ન આવતાં કોર્પોરેટરે રાજ્ય માહિતી આયોગનાં દ્વાર ખખડાવ્યાં હતાં. માહિતી આયોગ દ્વારા ઓનલાઈન વિડીયો કોન્ફરન્સિંગના માધ્યમથી સુનાવણી યોજવામાં આવી હતી. આ સુનાવણીમાં આયોગે સોનગઢ નગરપાલિકાને કડક સૂચના આપી હતી કે તા.24.6.2026ના રોજ બપોરે 3 વાગ્યા સુધીમાં તમામ માંગેલી માહિતી લેખિતમાં પૂરી પાડવામાં આવે. માહિતી આયોગની કડક સૂચનાની અસર તુરંત જોવા મળી હતી. પાલિકાના કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી અને ત્યારબાદ કોર્પોરેટર બાનુબેન પઠાણ સંલગ્ન તમામ ફાઈલોનું નિરીક્ષણ કરવા માટે પહોંચ્યાં હતાં. બાનુબેન પઠાણે વિરોધ પક્ષના સભ્ય તરીકે તમામ ફાઈલોની ચકાસણી કરી હતી અને તેની ઝેરોક્ષ નકલો લેખિતમાં આપવા માટે પાલિકા તંત્રને મૌખિક સૂચના આપી હતી. સ્થાનિક સ્તરે નગરપાલિકા દ્વારા માહિતી આપવામાં કરવામાં આવતી આ આનાકાનીને લઈને વિરોધ પક્ષના સભ્યો દ્વારા ભારે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે અને પાલિકાના વહીવટમાં પારદર્શિતા લાવવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

## વ્યારાની કેનેરા બેંક લોન કૌભાંડમાં ACBની કલમનો ઉમેરો

વ્યારા: તાપી જિલ્લામાં કેનેરા બેન્કમાં કરોડો રૂપિયાના લોન કૌભાંડ કેસમાં હવે ACBની કલમનો ઉમેરો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ લોન કૌભાંડ કેસમાં અગાઉ કેનેરા બેંકના શાખા મેનેજર અમનદીપ રવિશંકર યાદવ, નોટરી એડ્વોકેટ ઈશ્વર ટી. કોંકણી તેમજ લોન એજન્ટ સંદીપ કોંકણીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ખોટા દસ્તાવેજો, ગેરરીતિપૂર્વક લોન મંજૂર કરાવવી અને બેંકને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યાની વિગતો સામે આવી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલીની યુ.કે.આર.કે. શાળામાં વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ



બારડોલી: સુરત વલસાડ જિલ્લા રોહિત કેળવણી મંડળ બારડોલી સંચાલિત યુ.કે.આર.કે. સેવા સમાજ સાર્વજનિક માધ્યમિક શાળા, ડી.આર.ચૌહાણ ઉચ્ચત્તર વિભાગ, ઉચ્ચત્તર પ્રાથમિક શાળા, સરદાર કુમાર છાત્રાલય, ડી.આર.ચૌહાણ કન્યા છાત્રાલયના ૪૦૦થી વધુ બાળકોને ૩૫૦૦ નોટબુક વિતરણ કરાઈ હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ રાજેન્દ્ર સોલંકી, હર્ષદભાઈ ચૌહાણ (બરબોધન), રમેશભાઈ ચૌહાણ (ઉમરા), ધર્મેશભાઈ પટેલ. (બારડોલી), મિતુલકુમાર શાહ (બારડોલી), વિજયભાઈ પંચાલ (સરભોણ વિભાગ ગાયત્રી પરિવાર), ગિરીશભાઈ પટેલ (વાંકાનેર બરફીવાળા), રાજેશભાઈ પંચાલ (સરભોણ), જીતેન્દ્રભાઈ ચૌહાણ (બારડોલી), સુનીલભાઈ ધનગર (બારડોલી), ગિરીશભાઈ મિસ્ત્રી (બારડોલી-U.S.A.), બ્રિજેશ પટેલ( ડિરેક્ટર બારડોલી નાગરિક બેંક) ઉપસ્થિત રહ્યા હતા. રમણભાઈ પટેલ (દેસાઈ) U.S.A., ARISE AND AWAKE JAGRUTI ASSOCIATION U.K.ના તમામ ટ્રસ્ટી મિત્રો અને હોદ્દેદારોનો પણ આભાર માન્યો હતો.

### પીએમ શ્રી કડોદ કુમાર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી

કડોદ: કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬ના અનુસંધાને પીએમ શ્રી કડોદ કુમાર પ્રાથમિક શાળા, કડોદ ખાતે ભૂલકાંના હર્ષોલ્લાસભેર પ્રવેશ સાથે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર સ્થિત જી.એ.ડી. વિભાગના ઉપસચિવ શિવાંગીકુમારી ચૌધરી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે તાલુકા મામલતદાર, નાયબ મામલતદાર, તલાટી, કડોદ ગામના સરપંચ, ઉપસરપંચ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા ગ્રામ પંચાયતના સભ્યો, આંગણવાડી કર્મચારીઓ, એસ.એમ.સી.ના અધ્યક્ષ અને સભ્યો તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુમાનદેવ તીર્થ ક્ષેત્રથી અંકલેશ્વર સુધી એકતા પદયાત્રા યોજાઈ



અંકલેશ્વર: ભરૂચ જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ ગુમાનદેવતીર્થ ક્ષેત્રથી અંકલેશ્વર સુધી 'ગૌ હિન્દુ રાષ્ટ્ર સમર્પિત એકતા પદયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગૌ સંરક્ષણ, હિન્દુ એકતા અને રાષ્ટ્ર સમર્પણના ઉદ્દેશ સાથે યોજાયેલી આ પદયાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને ભક્તજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### ઓલપાડમાં દારૂ સાથે બુટલેગર ઝડપાયો

સાયણ: ઓલપાડ પોલીસે બાતમીના આધારે ટાઉનના બાવા ફળિયામાં છાપો મારી મહેશ નાયકા નામના બુટલેગરને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેના ઘરના વાડામાંથી રૂ.૧૬,૪૧૫ની કિંમતની વિદેશી દારૂની ૭૩ બાટલી જપ્ત કરી હતી. પોલીસે બુટલેગર વિરુદ્ધ નોંધી તપાસ આદરી છે.

### અંકલેશ્વરની નવી નગરીમાં દારૂ ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વરના નવી નગરીમાં ભરૂચ એલ.સી.બી.એ બાતમીના આધારે દરોડો પાડી ઘરની પાછળ સંતાડેલો ₹૨૦,૩૭૦ની કિંમતનો ૧૨૫ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી કલ્પેશ ઉર્ફે ભુરા વસાવા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### જંબુસરની નવયુગ વિદ્યાલયમાં પ્રવેશોત્સવ



ભરૂચ: નવયુગ વિદ્યાલય ખાતે જંબુસરના પ્રાંત અધિકારી સુપ્રિયાબેન ગાંગુલીના અધ્યક્ષ સ્થાને ભવ્ય પ્રવેશોત્સવનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે લાયઝન અધિકારી ડો.જયેશભાઈ પઢિયાર, શાળાના ટ્રસ્ટી રણછોડભાઈ પઢીયાર, વાલી મંડળના પ્રમુખ રાહુલભાઈ મોરી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ધોરણ 10 અને 12ના તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્રોફી આપીને પ્રોત્સાહિત કરાયા હતા.

### રોઝા ટંકારિયા પ્રા.મિશ્ર શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ



આમોદ: આમોદની રોઝા ટંકારિયા પ્રાથમિક મિશ્ર શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં આંગણવાડી તથા બાલવાટિકાના કુલ 25 બાળકોને પ્રવેશ અપાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભરૂચ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઇજનેર દીપેન રજવાડી તથા લાયઝન અધિકારી તૌસિફ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.